# થર્ડ વેવ : શહેર-જિલ્લામાં ૩૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેરનું આગમન થઈ ચુક્યાના સ્પષ્ટ સંકેતો આજે નોંધાયેલા ૩૫ કેસ આપી રહ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો જે રીતે વધી રહ્યા છે તેમાંય મહિલા દર્દીઓ અને વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહી હોવાની વાતે તંત્રની ચિંતા વધુ ઘેરી બનાવી છે. કેસોની સંખ્યા વધી છે પણ હોસ્પિટલાઈઝેશન દર ઓછો છો.

શહેર-જિલ્લામાં હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ પસંદ કરી રહ્યા હોવાથી તંત્ર સામે આ અંગેના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે અને કન્ટેનમેન્ટ ઝોનની અમલવારી માટે વધુ કર્મચારીઓની જરૂરિયાત ઉભી થવા પામી છે.

શહેર-જિલ્લામાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેમાં લોકોની બેદરકારી માસ્ક પહેરવાને લઈ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ નહિ જાળવવાના કારણે મહત્વના લેખવામાં આવી રહ્યા છે. શહેર-જિલ્લામાં કોરોના વકરી રહ્યો છે. શહેરમાં કેસોની સંખ્યા ખુબજ ઝડપથી વધી રહી છે. તંત્રએ પણ સાવચેતી રાખો હજુ મોડુ નથી થયુ કહીને લોકોને કોરોના ગાઈડલાઈન્સના પાલન માટે અપીલ કરી છે.

કોરોનાના કેસો વધ્યા છે પરંતુ તે માઈલ્ડ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. આ લ્હેર ઘાતક નથી પરંતુ જો આવી જ બેદરકારી દાખવવામાં આવશે તો આ લ્હેર પણ ઘાતક બની શકે છે.

કોરોનાથી સમગ્ર જિલ્લો પ્રભાવિત થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસોએ ગતિ પકડી છે.

## શહેરમાં વધુ ૨૩ કેસ નોંધાયા

### કુડાસણમાં ૩, વાવોલમાં ૫, સરગાસણ, ખોરજ, રાયસણમાં ૨-૨ કેસ, સે. ૧૯માં બે કેસ : રાંદેસણ, પેથાપુર, ભાટ, સે. ૨૯, ૨૧, ૨૪, ૧૭ માંથી ૧-૧ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોના વકર્યો છે અને ૨૩ કેસ નોંધાયા છે. કોરોનાના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેને લઈ તંત્ર દોડધામમાં વ્યસ્ત બન્યુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૩૦ થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૭ કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તારમાં નોંધાયા છે. તો ૬ કેસ સેક્ટરોમાં નોંધાયા છે.

બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જ જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. આજે નોંધાયેલા કેસોમાં પણ યુવા દર્દીઓની સંખ્યા વધુ છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે વાવોલમાં ૫, કુડાસણમાં ૩, સરગાસણ-ખોરજમાં ૨-૨ ઉપરાંત રાંદેસણ, પેથાપુર અને ભાટમાંથી કેસ મળ્યા છે. શહેરમાં વી.આઈ.પી. સેક્ટર તરીકે ઓળખાતા સે. ૧૯માંથી ૨ ઉપરાંત સે. ૨૯, ૨૧, ૨૪ અને ૧૭ માંથી પણ કેસો મળી આવ્યા છે. શહેરમાં આજે ૧૫૦થી પણ વધુ લોકોને આ દર્દીઓના સંપર્કમાં આવેલી વ્યક્તીઓનું ટ્રેસીંગ કરી અને તે તમામને ક્વોરોન્ટાઈન કર્યા છે.

રાંદેસણ ગામમાં ૧૫ વર્ષીય બાળાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાંથી આજે પાંચ કેસ નોંધાયા છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે. વાવોલમાં ૫૧ વર્ષીય પુરૂષ, ૧૮ વર્ષીય દિકરી, ૭ વર્ષીય દિકરી, ૬૪ વર્ષીય પુરૂષ અને ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અગાઉ બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલ કુડાસણમાંથી આજે ૩ કેસ નોંધાયા છે. કુડાસણમાં આજે નોંધાયેલા કેસો સાથે કુલ કેસની સંખ્યા ૨૦ જેટલી થઈ હોવાનું જાણવા મળેલ છે. કુડાસણમાં ૩૫ વર્ષીય પુરૂષ, ૪૯ વર્ષીય પુરૂષ, ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ખોરજ ગામમાં ૫૦ વર્ષીય પુરૂષ અને ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણમાં બે કેસ નોંધાતા ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં સાત મહિના બાદ એક સાથે ચારેય તાલુકામાંથી ૧૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજે કોરોનાના કેસો નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સાત મહિના પછી એક સાથે ૧૨ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધીને ૬૪ થઈ છે.

### ગાંધીનગર-૪, કલોલ-૬, માણસા-દહેગામ ૧-૧ કેસ : મહિલા-વિદ્યાર્થીઓના કેસ વધતાં તંત્ર ચિંતામાં ગરકાવ થયુ

જિલ્લાના ચારેય તાલુકામાં આજે કેસો નોંધાયા છે. જિલ્લાના ગાંધીનગર તાલુકામાં ૪ તો કલોલમાં ૬ અને માણસા-દહેગામાં એક-એક કેસ નોંધાતા તંત્ર સતત દોડતુ જોવા મળ્યુ હતુ.

આજે નોંધાયેલા કેસમાં ૬ વિદ્યાર્થીના કેસ છે. આજે નોંધાયેલા કેસમાંથી ૫ દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. એક વિદ્યાર્થીની સહિત પાંચ મહિલા દર્દી નોંધાયા છે. જિલ્લામાં આજે બે દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોએ ગતિ પકડી હોવાથી તંત્રની દોડધામ અને ચિંતા વધી છે. ખાસ કરીને મહિલા અને વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી આ ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસમાંથી એક દર્દી વિદેશથી આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાતંત્રએ તમામ તાલુકાના તબીબી અધિકારીઓને કોરોના ગાઈડલાઈનના ચુસ્ત અમલીકરણ માટે તાકીદ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

### કલોલ તાલુકાના ઉસ્માનાબાદમાં શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

કલોલ તાલુકાના ઉસ્માનાબાદ ગામમાં પ્રાથમિક શાળાના એક શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શિક્ષક પોઝીટીવ આવતાં જ તંત્ર પણ હરકતમાં આવ્યુ છે. જોકે શાળામાં વિદ્યાર્થીઓ ઓછા હાજર રહે છે. શાળાના શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ગ્રામજનોમાં પણ ભયની લાગણી ઉભી થવા પામી છે.

## ગાંધીનગર ડેપોએ એક વર્ષમાં ૧૬.૮૮ કરોડની આવક કરી છતા મુસાફરોની સલામતી રામભરોસે

### ગત વર્ષે કોવિડના લીધે એસ ટી બસ સેવા વિશેષ પ્રભાવિત થઇ હતી : ગત વર્ષ કરતા ડેપોની આવકમાં ૭ .૪૦ કરોડનો વધારો

ગાંધીનગર તા ૪

ગાંધીનગર ડેપોએ ગત વર્ષની સાપેક્ષમાં આ વર્ષે રૂ ૭.૪૦ કરોડની વધુ આવક કરી છે. ગત વર્ષે કોરોનાના કહેર વચ્ચે એસ ટી બસના પૈડા થંભી ગયા હતા જયારે લોકડાઉનની સ્થિતિ વચ્ચે એસ ટી બસ સેવા લાંબા સમય સુધી પ્રભાવિત રહી હતી. જેના લીધે વિદ્યાર્થી પાસ યોજના અન્વયે થતી આવકમાં ઘટાડો થયો હતો. ગાંધીનગર ડેપો પ્રતિવર્ષ લગ્નસરાની મોસમ સહીત મુસાફર પાસ યોજના અન્વયે પણ તગડી આવક કરે છે આમછતા હજુ મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે.

ગાંધીનગર એસ ટી ડેપોએ ગત વર્ષ દરમિયાન કોરોનાના કપરા સમયમાં મોટી આર્થિક નુકશાની વેઠવી પડી છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. જયારે આમ નાગરિકો પણ એસ ટી ની સલામત સવારી પસંદ કરતા ન હતા કોરોનાનુ સંક્રમણ લાગી ન જાય તે માટે સેકટરવાસીઓ પણ પોતાના કે અન્ય ખાનગી વાહનોનો ઉપયોગ કરતા હોવાથી એસ ટી બસમાં લાંબા સમય સુધી ટ્રાફિક જોવા મળતો ન હતો. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર ડેપોની શહેરી બસ સેવા તેમજ બહારગામના રૂટમાં દોડતી બસ સેવા પણ મંદ

● અનુસંધાન પાન-૭ પર




## ઉમરગાવ-મહેસાણા વાયા ગાંધીનગર નવી ટ્રેન શરૂ

### ઉંમગરગાવ-મહેસાણા ટ્રેનનુ કેપિટલ સ્ટેશન પર સ્વાગત કરાયુ : શહેર વસાહત મહામંડળના હોદેદારોએ ગુલાબના પુષ્પોથી ટ્રેનને વેલકમ કર્યુ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના રૂપરંગ બદલાઈ ગયા છે. સ્ટેશન વિસ્તારના વિકાસની સાથે નવી ટ્રેઈન પણ દોડતી થઈ છે. થોડા દિવસો અગાઉ શતાબ્દિ એકસપ્રેસ ટ્રેઈન ગાંધીનગરથી શરૂ થતા યાત્રિકોમાં હર્ષની લાગણી વ્યાપી હતી જયારે આજે ઉમરગાવ મહેસાણા રૂટની ટ્રેઈન પણ વાયા ગાંધીનગરથી દોડતી થઈ છે. આજે બપોરે ૧૨: ૪૦ કલાકે આ ટ્રેઈન કેપિટલ સ્ટેશન પર આવતા ટ્રેઈનનુ સ્વાગત કરાયુ હતુ. આ ટ્રેઈન સેવાના લીધે ગાંધીનગરથી મહેસાણા જતા યાત્રિકોને વિશેષ લાભ થશે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. દાયકાઓથી ખુંણામાં ખંડેર હાલતમાં ભાસતા રેલવે સ્ટેશનના વિકાસ તેમજ યાત્રિકોલક્ષી સુવિધા ઉભી કરવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. નગરની શુભચિંતક સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધી સ્ટેશનના વિકાસ તેમજ નવી રેલવે સુવિધાઓ માટે રેલ મંત્રાલયને હજારે પત્રો લખવામાં આવ્યા છે. જયારે રેલવે સ્ટેશન નજીક અત્યાધુનિક હોટલનુ નિર્માણ થતા સ્ટેશન વિસ્તારની પણ રોનક નિખરી છે. વર્ષોની રજુઆતના અંતે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ શોધવો પડે તેવી સ્થિતિ હતી. જયારે હાલ ખ માર્ગની એકબાજુએ સ્થિત હોટલ તેમજ સ્ટેશન વિસ્તારમાં હાઈટેક વિકાસ જોવા મળી રહ્યો છે. મહાત્મા મંદિરના લીધે આમ પણ આ વિસ્તારમાં સુવિધા અને સુરક્ષાના પરિબળો મજબુત કરી દેવાયા છે. કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈન ફાળવવા માટે વર્ષોથી માંગણી થતી આવી છે. જયારે હવે સ્ટેશન પર નતનવી ટ્રેઈન આવતા કેપિટલ સ્ટેશન પણ દેશના અન્ય વિવિધ મોટા સેન્ટરો સાથે જોડાઈ ગયુ છે. આગામી દિવસોમાં પણ નવી ટ્રેઈનો શરૂ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે થોડા દિવસો અગાઉ ગાંધીનગરથી શતાબ્દિ ટ્રેઈન પણ શરૂ થઈ ગઈ છે. જયારે ગાંધીનગર સ્ટેશનથી હાલ મુંબઈ , હરિદ્વાર, ઈન્દોર સહીતના રૂટમાં પણ ટ્રેઈન સેવા કાર્યરત છે. જયારે આજે ઉમરગાવ મહેસાણા ટ્રેઈન પણ વાયા ગાંધીનગર થઈને દોડાવાતા કેપિટલ સ્ટેશનના પોકેટમાં એક નવી ટ્રેઈન આવી છે. આજે બપોરે ૧૨ :૪૦ કલાકે આ ટ્રેઈન કેપિટલ સ્ટેશન પર આવતા સે-૧૩

● અનુસંધાન પાન-૭ પર

## મહાનગર સેવા સદનમાં સતત વહેતાં નળથી પાણીનો અઢળક વેડફાટ..!!

### એમ.એસ.બિલ્ડિંગના અનેક ટોયલેટમાં અસ્વછતા ઉડીને આંખે વળગે તેવી : સતત થઇ રહેલાં પાણીના વેડફાટથી મુલાકાતીઓ પણ ચિંતિત

ગાંધીનગર તા.૪

તાજેતરમાં સ્વછતા સર્વેક્ષણમાં ગાંધીનગર મહાનગરપાલિકાને સૌથી સ્વચ્છ પાટનગરનો



ખિતાબ પ્રાપ?ત થયો છે પરંતુ હકીકતમાં શહેરની બહુમાળી ઈમારતો જ્યાં સરકારી તંત્રના વિવિધ વિભાગો - પ્રભાગો કાર્યરત હોય છે તેમાં પણ શૌચાલયથી માંડીને અન્ય સ્થળોએ અસ્વછતા ઉડીને આંખે વળગે તેવી જોવા મળે છે. આ ઉપરાંત વિજળી-પાણી વગેરેનો વેડફાટ પણ હદ વગરનો જોવા મળે છે. શહેરના સેક્ટર-૧૧માં મહાનગરપાલિકા તેમજ તાલુકા પંચાયત જ્યાં બેસે છે તેવા મહાનગર સેવા સદન બહુમાળી ભવનમાં જ આ પ્રકારની સ્થિતિ મુલાકાતીઓને નજરે ચઢી રહી છે.

એક તરફ સ્વચ્છતા જાળવવા અને જળ બચાવવા માટે વિવિધ અભિયાનો ચલાવવામાં આવે છે અને શાળામાં બાળકોથી માંડીને નગરિકોને સતત પાણી બચાવવા માટે સતત પ્રેરિત કરવામાં આવે છે પરંતુ બીજી તરફ સરકારી તંત્ર દ્વારા પોતાના હસ્તકના મકાનો - બહુમાળી ભવનમાં જ સ્વચ્છતા જાળવણી બાબતે ભારે બેદરકારી જોવા મળે છે પરંતુ આ મકાનો - ભવનોના ટોઈલેટથી માંડીને વોટર રૂમમાં સતત વહેતા અથવા ટપકતાં નળ અઢળક પાણીનો વેડફાટ કરે છે તે જવાબદાર અધિકારીઓને નજર સામે જ હોવા છતાં દેખાતું નથી. લગભગ દરેક સરકારી ઈમારતોમાં કાર્યાલયમાં કે લોબીમાં કોઈ હાજર ન હોય તો પણ સતત લાઈટ પંખા ચાલુ હોય અને વીજળીનો વેડફાટ થતો હોય તેવા દ્રશ્યો તો ખૂબ સામાન્ય થઈ ગયા છે તેની સાથે સાથે ખૂબ જ ગંદા ટોઈલેટ અને સતત વહેતા ટપકતાં પાણીનો વેડફાટ કરતાં નળ કે કોક પણ જોવા મળે છે જેને તાત્કાલિક રીપેર કરવા જરૂરી જણાય છે.

## સે-૨૩ ગુરુકુળમાં ૧૩૧૦ વિદ્યાર્થીઓને વેક્સિનેશન

### મહાત્મા ગાંધી વિદ્યાલયમાં પણ ૪૩૦ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી : સે-૨૩ સ્થિત ગુરુકુળ સંસ્થાના સ્વામી હરિપ્રકાશ સ્વામી , રામકૃષ્ણ સ્વામી તેમજ ડાયરેક્ટર ઉમંગ વસાણીએ વિદ્યાર્થીઓને વાલીઓના સહયોગથી વેક્સિન ડ્રાઇવને સફળ બનાવી



ગાંધીનગર તા ૪

કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. કોરોનાના કેસ વધતા સમગ્ર દેશમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. આવા સંજોગોમાં હવે વિદ્યાર્થીઆને પણ કોવિડ સામે રક્ષણ આપવા માટે વેક્સિન આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. નગરની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને વેક્સિન આપવા માટે રોજબરોજ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થામાં આજે ૧૩૧૦ વિદ્યાર્થીઓને વેક્સિન આપવામાં આવી હતી જયારે મહાત્મા વિદ્યાલયમાં પણ ૪૩૦ વિદ્યાર્થીઓને વેક્સિન આપી કોવિડ સામે સુરક્ષિત કરવામાં આવ્યા હતા.

કોરોનાના નવા ઓમિક્રોન વેરિઅન્ટનુ સંક્રમણ ઝડપથી ફેલાય છે. દેશમાં કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે કોરોનાનુ વધતુ સંક્રમણ ઘેરી ચિંતાનો વિષય બનતા હવે ૧૨ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઆને પણ કોવિડની વેક્સિન આપવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ શાળાએ જતા વિદ્યાર્થીઓને વેક્સિન આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. આજે મહાત્મા મંદિર વિદ્યાલયના ૪૩૦ જેટલા વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી જયારે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયમાં પણ કોરોના સામે વિદ્યારથીઓને રક્ષણ આપવા માટે સરકારની ગાઈડલાઈન મુજબ કોવેક્સિન આપવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાના ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી , રામકૃષ્ણ સ્વામી સંસ્થાના ડાયરેકટર ઉમંગભાઈ વસાણીએ ગાંધીનગર મહાનગરપાલિકાનો સંપર્ક કરી શાળાના વિદ્યાર્થીઓ મોટ વેક્સિન કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ. જેના અંતે આજે કોર્પોરેશનની મેડીકલ ટીમના સહયોગથી વિદ્યાર્થીઓ માટે મેગા વેક્સિનેશન ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ દરમિયાન સંસ્થાના ૧૩૧૦ વિદ્યાર્થીઓને રસીકરણ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આ તબક્કે સંસ્થાના ડાયરેકટર ઉમંગ વસાણીએ વિદ્યાર્થીઓને રસી લેવા માટે પ્રોત્સાહીત કર્યા હતા. તેમણે આ બદલ વાલીઓનો પણ આભાર વ્યકત કર્યો હતો. શહેરમાં વધતા કોરોનાના કેસ વચ્ચે હવે વિદ્યાર્થીઓને પણ વેકિસન આપી સુરક્ષિત કરવા માટે રોજબરોજ શાળાઓમાં વેક્સિન કાર્યક્રમ યોજવામાં આવે છે. નગરની ખાનગી તેમજ સરકારી શાળાઓમાં રસી આપીને વિદ્યાર્થીઓને કોવિડથી સુરક્ષિત કરવા માટે શિક્ષકો પણ જાગૃત બન્યા છે. મહાત્મા વિદ્યાલયમાં પણ આજે ૪૩૦ જેટલા વિદ્યાર્થીઓને વેક્સિન આપવામાં આવી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com